# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદના બસ મથકને વિશાળ બનાવવા કે સંભવિત બ્રિજ માટે દુકાનો હટાવવાની વહીવટી રણનીતિ

# નડિયાદમાં બસ સ્ટેન્ડની પાસેની ૩૫ દુકાન પર ‘ગાજ’

**માલિકીના પુરાવા** માંગતી નોટિસથી વેપારીઓમાં ફફડાટ

**દસ્તાવેજોની ચકાસણી** બાદ તંત્ર આકરા પાણીએ થાય તેવી વકી





(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

નડિયાદ શહેરમાં નિર્માણાધિન નવા બસ સ્ટેન્ડની કામગીરી વચ્ચે મહાનગરપાલિકાએ બહારની તરફ આવેલી 35 દુકાનો સામે આકરૂ વલણ અપનાવ્યું છે. પાલિકા તંત્ર દ્વારા આ તમામ દુકાનદારોને નોટિસ પાઠવીને તેઓ જે જગ્યા પર વ્યવસાય કરી રહ્યા છે તેના માલિકીના આધાર પુરાવા રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે. આ કાર્યવાહીના પગલે સ્થાનિક વેપારી આલમમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે અને વેપારીઓએ મનપા કચેરીએ દોડી જઈને કાયદાકીય પ્રક્રિયાની સમજ મેળવી છે.

નડિયાદ શહેરના નવું બસ સ્ટેન્ડ બન્યા બાદ આસપાસની જગ્યાને વધુ ખુલ્લી અને વિશાળ બનાવવા માટે આ બાંધકામો દૂર કરવાની વહીવટી તંત્રની ગણતરી હોવાનું મનાય છે. મળતી માહિતી મુજબ, વર્ષો અગાઉ પાલિકાએ અમુક દુકાનદારોને કાયદેસરના દસ્તાવેજો કરી આપ્યા હતા, પરંતુ અનેક દુકાનોના કોઈ જ દસ્તાવેજ થયેલા નથી. આગામી દિવસોમાં રજૂ થનારા દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ જ કઈ દુકાનો કાયદેસર છે અને કઈ ગેરકાયદેસર તેનો આખરી નિર્ણય મનપા દ્વારા લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છએ કે, જે વેપારીઓ પાસે મિલકતના પાકા દસ્તાવેજ હશે, તેમની પાસેથી જગ્યા ખાલી કરાવવા માટે મનપાએ કલેક્ટર મારફતે જમીન સંપાદન પ્રક્રિયા કરવી પડશે. આ સ્થિતિમાં સરકારના નિયમ મુજબ અસરગ્રસ્તોને બજાર કિંમત કે જંત્રી દર મુજબ યોગ્ય વળતર ચૂકવવું પડશે, જે પ્રક્રિયા વહીવટી રીતે ખાસ્સી લાંબી ચાલી શકે છે.

#### બસ સ્ટેન્ડનું વિસ્તરણ કે સંભવિત બ્રિજ ?

નડિયાદમાં દુકાનો હટાવવા પાછળ માત્ર બસ સ્ટેન્ડ જ નહીં, પરંતુ પીજ રોડ તરફથી આવનાર સંભવિત બ્રિજ પણ જવાબદાર હોવાની ચર્ચા છે. જો કેન્દ્ર સરકાર તરફથી બ્રિજ માટે લીલીઝંડી મળી હોય, તો તેના પ્લાનિંગમાં આ દુકાનો નડતરરૂપ બની શકે છે. બસ સ્ટેન્ડ મોટું કરવા માટે કે બ્રિજ માટે, ગમે તે કારણ હોય પણ તંત્ર આ જગ્યા ખાલી કરાવવા મક્કમ જણાય છે.

#### મંદિરની દુકાનો અને કાંસના દબાણો અંગે મૂંઝવણ

બસ સ્ટેન્ડના આગળના ભાગમાં હનુમાનજી મંદિર ટ્રસ્ટ હસ્તકની દુકાનો આવેલી છે, જેને હટાવવી તંત્ર માટે મોટો પડકાર બની રહેશે. આ ઉપરાંત, કાંસ ઉપર પણ અનેક દુકાનો આવેલી હોવા છતાં તેઓને હજુ સુધી કોઈ નોટિસ આપવામાં આવી નથી, જે તંત્રની બેવડી નીતિ સામે શહેરીજનોમાં કુતૂહલ જગાડી રહ્યું છે.

#### ૬૭ નંબરનો ઠરાવ લટકતો રહ્યો અને નવી નોટિસો !

વર્ષ ૨૦૨૨માં નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ નંબર ૬૭ હેઠળ પાલિકાની માલિકીની ૬૦૦થી વધુ જર્જરીત અને ગેરકાયદેસર દુકાનો ખાલી કરાવવાનો નિર્ણય લેવાયો હતો. આ ઠરાવની અમલવારીમાં તંત્ર વામણું પૂરવાર થયું છે. આશ્ચર્યની વાત એ છે કે, રેકર્ડ પરની ૬૦૦ દુકાનો સામે કાર્યવાહી કરવાને બદલે તંત્રએ નવી ૩૫ દુકાનો માટે નોટિસો ફટકારીને સક્રિયતા બતાવી છે.

## આણંદ :સગીરાનેપ્રેમજાળમાં ફસાવી નરાધમે દૂષ્કર્મ ગુજાર્યું

**નરાધમે ૬ મહિના** સુધી દુષ્કર્મ આચરતાં આણંદ ટાઉન પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદ શહેરમાંથી સગીર વયની દીકરીને કાયદેસરના વાલીપણામાંથી ભગાડી જઈ, તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની આઘાતજનક ફરિયાદ આણંદ ટાઉન પોલીસ મથકે નોંધાતા ચકચાર મચી ગઈ છે. વિદ્યાનગરના એક શખ્સે સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી આશરે છ મહિના સુધી તેનું શારીરિક શોષણ કર્યું હોવાનું બહાર આવ્યું છે.

આણંદ ટાઉન પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો અનુસાર, વિદ્યાનગર ખાતે રહેતા મુકેશભાઈ રમેશભાઈ ઓડ નામના શખ્સે ફરિયાદીની માત્ર ૧૫ વર્ષની સગીર દીકરીને પોતાના પ્રેમની જાળમાં ફસાવી હતી. આરોપી મુકેશ ઓડ ગત ૮મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સગીરાને પટાવી-ફોસલાવી ક્યાંક ભગાડી ગયો હતો. બાદમાં ગત પહેલી જુલાઈ ૨૦૨૬ સુધીના આશરે છ મહિનાના લાંબા ગાળા દરમિયાન આરોપીએ સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધો બાંધી તેનું ભારે શોષણ કર્યું હતું. આ શર્મજનક ઘટના અંગે ભોગ બનનારના પરિવારને જાણ થતાં તેઓએ તુરંત આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. આ મામલે ગંભીરતા દાખવી આરોપી મુકેશ ઓડ વિરુદ્ધ પોક્સો એક્ટની કડક કલમો અને અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તજવીજ હાથ ધરી છે.

## આણંદ નજીક વલાસણ નહેરમાં પુત્રી સાથે માતાએ મોતની છલાંગ લગાવી

**બામરોલી ગામ માતા** પુત્રીને લઇ મધરાતે રહસ્યમય રીતે ઘરેથી નીકળ્યા બાદ કરૂણાંતિકા સર્જાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૯

પેટલાદ તાલુકાના બામરોલી ગામમાં એક અત્યંત કરુણ અને હૃદયને હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. એક માતા અને તેની વ્હાલસોયી પુત્રીએ અગમ્ય કારણોસર વલાસણ નહેરમાં ઝંપલાવીને પોતાની જીવનલીલા સંકેલી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. રાત્રિના અંધકારમાં લેવાયેલા આ આઘાતજનક નિર્ણયે એક હસતા-રમતા પરિવારને ક્યારેય ન ભરાય તેવું ઊંડું દુઃખ આપ્યું છે.



મળતી માહિતી મુજબ, બામરોલી ગામે રહેતા ગીતાબેન મહેન્દ્રભાઈ પરમાર (ઉ.વ.આ.35) અને તેમની પુત્રી નવ્યા (ઉ.વ.3) ગત બુધવારે રાત્રે આશરે ત્રણ વાગ્યાના સુમારે પરિવારજનોને કંઈ પણ કહ્યા વગર અચાનક ઘરેથી નીકળી ગયા હતા. કોઈને અંદાજ પણ નહોતો કે આ તેમની છેલ્લી મુલાકાત હશે. ત્યારબાદ બંનેએ વલાસણ ગામ પાસેથી પસાર થતી નહેરમાં કોઈ અજ્ઞાત કારણોસર પાણીમાં ઝંપલાવી દીધું હતું. પાણીના પ્રવાહમાં ડૂબી જવાથી માતા-પુત્રી બંનેના કરૂણ મોત નીપજ્યા હતા.

વહેલી સવારે સ્થાનિક નાગરિકોના ધ્યાને આ બાબત આવતા જ તેમણે તત્કાલિક ‘૧૧૨’ ઈમરજન્સી નંબર પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી. આ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી બંનેના મૃતદેહને બહાર કાઢ્યા હતા, જે દ્રશ્ય જોઈને હાજર લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. હાલ પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

#### શા માટે ભર્યું આ આત્યંતિક પગલું?

માતા-પુત્રીએ કયા ગંભીર કારણોસર આત્મહત્યા જેવું આત્યંતિક પગલું ભર્યું તે હજી સુધી રહસ્યના મોજા હેઠળ દબાયેલું છે. પરિવારમાં કોઈ આંતરિક કલેશ હતો કે અન્ય કોઈ માનસિક તણાવ, તે અંગે પોલીસ હાલમાં તપાસ કરી રહી છે. એક સાથે બે સભ્યોના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

## અહીમાગામનાખેડૂતનુંટ્રેક્ટર પચાવીપાડનારોઠગપકડાયો

**૬ મહિનાથી ફરાર** આરોપી જેલભેગો; રૂ. ૩ લાખનું ટ્રેક્ટર રિકવર કરાયું

(પ્રતિનિધિ) બોરસદ તા.૯

આણંદ જિલ્લામાં ખેડૂતો પાસેથી ટ્રેક્ટર ભાડે રાખી અથવા લોન પર વેચાણ રાખવાના બહાને પચાવી પાડી, બારોબાર ગીરો મૂકી ઠગાઈ આચરતી ‘કોલગેટ’ ગેંગના મુખ્ય સાગરીતને બોરસદ ટાઉન પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. પકડાયેલ આરોપી છેલ્લા ૬ મહિનાથી પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો.

બોરસદ ટાઉન સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે, ડાકોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વિશ્વાસઘાત અને ઠગાઈના ગુનામાં સંડોવાયેલા આરોપી ઈરફાન ઉર્ફે કોલગેટ નસરૂલ્લા રાણા (રહે. નાપા, બોરસદ) ને ઝડપી લેવામાં આવ્યો છે. આ આરોપી આણંદ કોર્ટના કલમ ૧૩૮ હેઠળના કેસમાં ૨ વર્ષની સજાના વોરંટમાં પણ વોન્ટેડ હતો.

ઉમરેઠના અહીમા ગામના એક ખેડૂતનું ટ્રેક્ટર ભાડે રાખવાના બહાને લઈ જઈ સગેવગે કરી દીધું હતું. પોલીસે આરોપી પાસેથી રૂ. ૩ લાખની કિંમતનું ‘મહિન્દ્રા’ ટ્રેક્ટર રિકવર કર્યું છે. આરોપી સામે ડાકોર, બોરસદ ટાઉન અને ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની અનેક અરજીઓ અને ફરિયાદો પેન્ડિંગ હોવાથી, પોલીસે વધુ તપાસ અર્થે તેને ડાકોર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ગેંગના અન્ય કેટલાક સાગરીતો સામે પણ કાર્યવાહી કરવા પોલીસે કમ્મર કસી છે.

### ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે કોંગ્રેસના નેતા આમરણાંત ઉપવાસ પર ઉતર્યા

## ખેડાજિલ્લામાંબિસ્માર રસ્તાફરી બનાવવા તંત્રની લેખિત બાંહેધરી

**કોંગ્રેસ પ્રમુખે તંત્ર** દ્વારા ભૂલનો સ્વીકાર કરાતા પારણાં કર્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

ખેડા જિલ્લામાં તાજેતરમાં નિર્માણ પામેલા રસ્તાઓ ગણતરીના દિવસોમાં જ બિસ્માર થઈ જતા વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. રસ્તાના કામમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા બુધવારથી આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા, જેના દબાણ હેઠળ આખરે તંત્રએ નમતું જોખી લેખિત બાંહેધરી આપવી પડી છે.



ખેડા જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓ આંદોલનની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઉપવાસ સ્થળે દોડી ગયા હતા. અધિકારીઓએ રસ્તાની કામગીરીમાં ખામી રહી ગઈ હોવાનો અને વહીવટી ભૂલનો જાહેરમાં સ્વીકાર કર્યો હતો. ખાસ કરીને કણજરી નગરની આસપાસના રસ્તાઓમાં પેચની સરફેસ ખરાબ થઈ ગઈ હોવાથી, તે કામ સંબંધિત એજન્સી પાસે જ ફરીથી કરાવવાની ખાતરી આપવામાં આવી છે. પારણાં કર્યા બાદ મહેન્દ્રસિંહ રાણાએ શાસક પક્ષ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સત્તાધારી પક્ષના પદાધિકારીઓના મળતિયા કોન્ટ્રાક્ટરો દ્વારા જ આ પ્રકારનો ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. તંત્ર દ્વારા તૂટેલા તમામ રસ્તાઓનું ફરીથી યોગ્ય રીતે નિર્માણ કરવાની લેખિત ગેરંટી મળતા હાલ પૂરતો આ વિવાદ થાળે પડ્યો છે.

## ખાનપુરમાં સાસરિયાએ દહેજ માટેપરિણીતાપરત્રાસગુજાર્યો

**લુણાવાડાની શિક્ષક** દંપતીની દીકરીને ટોર્ચર કરી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૯

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લીંબડીયા ગામે દહેજની ભૂખમાં અંધ બનેલા સાસરિયાઓએ શિક્ષિત ફિઝિયોથેરાપિસ્ટ પુત્રવધૂને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હોવાની ઘટના સામે આવી છે. પિયરમાંથી ૧૦ લાખ રૂપિયા લાવવાની માંગણી સાથે મારઝૂડ કરી પરિણીતાને કાઢી મૂકતા, મહિસાગર મહિલા પોલીસે પતિ સહિત સાસરી પક્ષના ૫ સભ્યો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લુણાવાડાના વરધારી ગામે રહેતા શિક્ષક દંપતીની પુત્રી ધ્વનિબેનના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૫માં લીંબડીયાના કૃણાલકુમાર ભોઈ સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ જ સાસુ-સસરા અને નણંદ-દિયરે ‘તું જંગલમાંથી આવી છે, અમારા ભાઈને શોભતી નથી.’ તેમ કહી મેણાંટોણાં મારવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, પતિએ પરિણીતાનો મોબાઈલ ઝૂંટવી લઈ પિયરમાં વાત કરવા પર પણ પ્રતિબંધ લાદી દીધો હતો. આ ગંભીર બાબત એ છે કે, જ્યારે પરિણીતાના પિતા પોતાની દીકરીના પ્રેક્ટિસ માટેના મોંઘા મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ પરત લેવા ગયા, ત્યારે પતિએ સાધનો આપવાની સાફ ના પાડી દીધી હતી. ઉલટાનું, પરિણીતા પર ૧૫ તોલા સોનું ચોરી ગઈ હોવાનો ખોટો આક્ષેપ કરી ગાળો ભાંડી હતી. અંતે, મહિલા પોલીસ સ્ટેશનમાં કાઉન્સિલિંગ નિષ્ફળ જતાં ધ્વનિબેને ન્યાય માટે કાયદાનો સહારો લીધો છે.

## આણંદમાં પોલીસની રહેમ નજર હેઠળ ધૂમ બાઈકર્સ ગેંગનો ત્રાસ

**લાયસન્સ વિના** પૂરપાટ દોડતા બાઇકર્સ સામે કાર્યવાહી કરવા માંગ

(પ્રતિનિધિ) આણંદ તા ૯

આણંદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં સગીર વિદ્યાર્થીઓ દ્વારા લાયસન્સ વિના ટુ-વ્હીલર ચલાવવામાં આવતાં હોવાનું અનેકવાર જોવા મળે છે. જોકે માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન આરટીઓ અને પોલીસ વિભાગ દ્વારા શાળાઓમાં વિશેષ ઝુંબેશ ચલાવી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળા સંચાલકોને માર્ગ સલામતી અંગે જાગૃત કરવામાં આવે છે તેમજ નિયમભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવે છે. જોકે ઝુંબેશ પૂર્ણ થતાં જ કાર્યવાહી ઢીલી પડી જતી હોવાના આક્ષેપો વચ્ચે રસ્તાઓ પર ફરી સગીરો બેફામ વાહનો દોડાવતા જોવા મળે છે.

આણંદ શહેર તેમજ જિલ્લાની અનેક શાળાઓ બહાર દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બાઈકો અને સ્કૂટરો લઈને આવતા જોવા મળે છે. એક અંદાજ મુજબ સ્કૂલે આવતા દર ચોથા વિદ્યાર્થી પાસે માન્ય ડ્રાઈવિંગ લાયસન્સ પણ હોતું નથી. અનેક સ્થળોએ બેના બદલે ત્રણ સવારી, હેલમેટ વિના મુસાફરી અને ટ્રાફિક નિયમોનો ખુલ્લેઆમ ભંગ થતો હોવા છતાં અસરકારક દેખરેખનો અભાવ જોવા મળી રહ્યો છે.

મોટર વાહન કાયદા મુજબ 16થી 18 વર્ષના લર્નિંગ અથવા માન્ય લાયસન્સ ધરાવતા સગીરો માત્ર 100 CC સુધીના ગિયર વગરના સ્કૂટર, મોપેડ અથવા ઓછી ક્ષમતાવાળા ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ચલાવી શકે છે. 100 CCથી વધુ ક્ષમતાવાળા અથવા ગિયરવાળા મોટરસાઈકલ ચલાવવાની તેમને મંજૂરી નથી. તેમ છતાં 125 CC સુધીની બાઈકો પર સ્કૂલે પહોંચતા વિદ્યાર્થીઓ સામાન્ય દૃશ્ય બની ગયું છે.

નાગરિકોનું માનવું છે કે માત્ર માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન નહીં પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન આરટીઓ, પોલીસ અને શાળા સંચાલકો દ્વારા સંયુક્ત રીતે નિયમિત ચેકિંગ હાથ ધરવું જોઈએ. સાથે જ વાલીઓએ પણ સગીર સંતાનોને કાયદા વિરુદ્ધ વાહન ચલાવવા ન આપવાની જવાબદારી નિભાવવી જરૂરી છે. આ અંગે કાર્યવાહી કરવા માગણી ઉઠી છે.

## ખંભાતની ‘ગોલ્ડન ગર્લ’ નવ્યા મકવાણાની DLSSમાં પસંદગી થઇ

**સોખડા ગામની** પ્રાથમિક શાળાની તેજસ્વી પ્રતિભા હવે વ્યાવસાયિક એથ્લેટિક્સમાં કસબ અજમાવશે

(પ્રતિનિધિ) ખંભાત તા.૯

ખંભાત તાલુકાના નાના એવા સોખડા ગામ માટે ગૌરવપૂર્ણ ક્ષણ આવી છે. સોખડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી નવ્યા મકવાણાએ પોતાની અસાધારણ પ્રતિભાના જોરે રાજ્ય સરકારની પ્રતિષ્ઠિત DLSS (ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ) માં સ્થાન મેળવીને સમગ્ર પંથકનું નામ રોશન કર્યું છે. એથ્લેટિક્સમાં કારકિર્દી બનાવવા થનગનતી આ દીકરીએ ખેલ મહાકુંભથી શરૂ કરેલી સફર આજે વડોદરાના શિનોર ખાતેની સ્પોર્ટ્સ એકેડમી સુધી પહોંચી છે.

નાના એવા સોખડા ગામની નવ્યાએ પ્રથમ પ્રયાસમાં જ તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બાદ આણંદ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા તેણે જિલ્લા કક્ષાના YTPT (યંગ ટેલેન્ટ પ્રમોશન ટેસ્ટ) બેટરી ટેસ્ટમાં સફળતા મેળવી હતી. નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા અત્યંત આકરા રાજ્યકક્ષાના પરીક્ષણમાં પોતાની ક્ષમતા પુરવાર કરી તેણે વડોદરા (શિનોર) DLSS માટે પોતાની પસંદગી સુનિશ્ચિત કરી છે.

આ સફળતા બાદ, ગુજરાત સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) દ્વારા નવ્યાને ધોરણ-12 સુધી એથ્લેટિક્સની નિ:શુલ્ક અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે. ગ્રામીણ વિસ્તારની સરકારી શાળામાંથી નીકળીને રાજ્ય સ્તરના પ્લેટફોર્મ સુધી પહોંચવું એ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બન્યું છે. આ ઐતિહાસિક સિદ્ધિમાં નવ્યાની શાળાના આચાર્ય રાકેશભાઈ પટેલના પ્રોત્સાહન તેમજ શિક્ષક બટુકભાઈ ગોહેલ અને અમીન કોન્ટ્રાક્ટરના સતત માર્ગદર્શનનો મોટો ફાળો રહ્યો છે. સોખડા ગામમાં હાલ ઉત્સાહનો માહોલ છે અને ગ્રામજનોને આશા છે કે નવ્યા આગામી સમયમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું નામ ગુંજતું કરશે.





ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**